# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-09-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્વચ્છતા હી સેવા અભિયાન

**આગામી ૨ ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિના સ્વચ્છ ભારત મિશન અભિયાનના ૧૧ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે સમગ્ર દેશમાં "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી 17 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધીના પખવાડિયા દરમિયાન દેશભરમાં "સ્વચ્છોત્સવ"ની થીમ પર સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે.**

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં "સ્વચ્છતા હી સેવા" અંતર્ગત યોજાનાર સ્વચ્છોત્સવ અભિયાનની અવધી લંબાવવાનો નિર્ણય લીધો છે. રાજ્યમાં હવે આ અભિયાન 17 સપ્ટેમ્બરથી 31 ઓક્ટોબર સુધી યોજાશે. એટલે કે, ગુજરાતમાં માત્ર એક જ પખવાડિયું નહિ, પરંતુ ત્રણ પખવાડિયા સુધી રાજ્યના મહાનગરો, નગરો, ગામડાઓ અને સરકારી કચેરીઓ સહિતના જાહેર સ્થળો ખાતે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે.**

**નોંધનીય છે કે મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્નને સાકાર કરવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કાર્યભાળ સંભાળતાની સાથે જ વર્ષ 2014થી રાષ્ટ્રવ્યાપી "સ્વચ્છ ભારત મિશન"નો પ્રારંભ કરાવ્યો હતો.**

**---------------------------------------------------------------------------------------**

## રક્ષા દીક્ષા મહોત્સવ

**વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અને પ્રેરણા શ્રી ગ્રુપના સંયુક્ત ઉપક્રમે 14 સપ્ટેમ્બરના ભુજ ખાતે વિવિધ સમાજની 11 હજાર દીકરી માટે રક્ષા દિક્ષા મહોત્સવ યોજાશે. આ કાર્યક્રમનું રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. મહિલાઓમાં સ્વરક્ષા**

**જાગૃતિ અભિયાન અંતર્ગત ભુજ મિરજાપર રોડ પર આવેલા મેદાનમાં બપોરે બેથી પાંચ વાગ્યા દરમિયાન આ કાર્યક્રમ યોજાશે. કાર્યક્રમ સ્થળે વિશાળ ડોમ ઊભો કરવા સાથેની વિવિધ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે.**

**------------------------------------------------------------------------------------------**

## કપાસના પાકને નુકસાન

**કચ્છમાં છેલ્લા ત્રણ દિવસથી વરસેલા અનરાધાર વરસાદને પગલે કપાસના પાકને નુકસાન થવાની સંભાવના ખેડુતો દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. કચ્છમાં ખેડૂતોએ મોટા પ્રમાણમાં કપાસનું વાવેતર કર્યું છે. પરંતુ વધુ વરસાદના કારણે કપાસના ફૂલમાં પાણી ભરાઇ જવાથી પાકને નુકસાની થવાની શક્યતા છે. વળી ફૂટી ગયેલા, કાલા પલળી જવાથી ઉત્પાદન અને ગુણવતતા ઘટવાથી બજારમાં ભાવ પણ ઓછા મળવાની ખેડૂતોને ચિંતા સતાવી રહી છે. જોકે મગફળી સહિત અન્ય પાકો માટે આ વરસાદ કાચા સોના સમાન હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે.**

**------------------------------------------------------------------------------------------**

## કચ્છ યુનિવર્સિટી

**કચ્છ યુનિવર્સિટીના કાયદા વિભાગના સેમેસ્ટર-3ના વિદ્યાર્થીઓ દ્વારા સેમેસ્ટર-1ના નવા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટીના ઈ-બ્લોકમાં ફ્રેશર પાર્ટીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ભવનના પ્રવેશદ્વારે સંત મેકરણની તસવીર મુકાઈ હતી, જેનું અનાવરણ યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. યુનિ.ના દરેક બ્લોકને ઐતિહાસિક, સાંસ્કૃતિક નામ અંતર્ગત ઈ-બ્લોકને `સંત મેકરણ ભવન' નામ અપાયું છે.**

**------------------------------------------------------------------------------------------**

## કચ્છમાં પશુ દવાખાના

અંજારના ધારાસભ્ય ત્રિકમભાઇ છાંગા તથા ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી દ્વારા કચ્છમાં નવા સ્થાયી પશુ દવાખાનાઓ બનાવવા બાબતના લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા બે વર્ષમાં જિલ્લામાં 12 નવા સ્થાયી પશુ દવાખાનાઓની સ્થાપના કરવામાં આવી છે. અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા નખત્રાણા, લખપત અને અબડાસા તાલુકામાં નવા સ્થાયી પશુ દવાખાના શરૂ કરવા બાબતના લેખિત પ્રશ્નના ઉત્તરમાં પશુપાલન મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નવા સ્થાયી પશુદવાખાના શરૂ કરવા માટે નખત્રાણામાં ત્રણ, લખપતમાં ત્રણ અને અબડાસામાં 11 એમ મળી કુલ-17 અરજી આવી અને વર્ષ-2023-24માં ચાર નવી સ્થાયી પશુ દવાખાનાની સ્થાપના થઇ છે અને વર્ષ 2025-26માં મંજુર થયેલાં નવીન સ્થાયી પશુદવાખાનાની યોજનામાં 13 અરજીનો સમાવેશ કરી સ્થળ મંજૂરી અંગે રજૂઆતમાં છે.

---------------------------------------------------------------------------------------

## રામબાગ હોસ્પિટલ

આદિપુરની સરકારી રામબાગ હોસ્પિટલમાં 10 નવા મેડિકલ ઓફિસરની નિમણૂક કરવામાં આવી છે. રામબાગ હોસ્પિટલને જિલ્લા કક્ષાનો દરજ્જો આપ્યા પછી સરકાર તબીબોની ઘટને પૂર્તતા કરવા માટે પ્રયાસરત છે અને તેના ભાગરૂપે જ થોડા સમય અગાઉ 16 મહત્ત્વના તબીબોની નિમણૂક કરવામાં આવી હતી અને ત્યાર પછી 42 સ્ટાફ નર્સની નિમણૂક કરી હતી અને થોડા દિવસ બાદ 15 પટ્ટાવાળાની ભરતી કરવામાં આવી હતી. નિમણૂક પામેલા 10 નવા મેડિકલ ઓફિસરો પૈકી સાત ડોક્ટર હાજર થઇ ગયા છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ-મુન્દ્રા નવી બસ

કચ્છને ફાળવવામાં આવેલી એસટીની નવી બસો પૈકી આજે ભુજ-મુન્દ્રાની નવી એસટી બસનું ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલ અને જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના હસતે લીલી ઝંડી આપીને આરંભ કરાઇ હતી. લાંબ સમયથી મુનદ્રાના પ્રવાસીઓ માટે બસમાં વધારો કરવા પ્રવાસીઓની માંગ હતી જે પૂર્ણ થતા આવકાર મળી રહ્યો છે.

-----------------------------------------------------------------------------------------

# એકલ-બાંભણકા માર્ગનું ધોવાણ

**ભારે વરસાદના કારણે એકલ-બાંભણકા માર્ગનું ધોવાણ થયુ છે. આ માર્ગમાં સાઈડની દીવાલ બોક્સ કલવર્ટ અને માટીકામ હજુ ચાલુ છે, તેવામાં જ્યાં બોક્સ કલવર્ટનું કામ બાકી હતું, ત્યાંથી ડાયવર્ઝન મૂકવામાં આવ્યો છે. વરસાદથી બોક્સ કલવર્ટની બાજુમાંથી માટીનું પાણીના તે જ વહેણમાં ધોવાણ થઈ ગયું છે અને માર્ગને નુકસાન પહોંચ્યું છે. ખડીર જવાનો આ મહત્ત્વનો માર્ગ છે અને લોકો માટે ઉપયોગી થઈ રહ્યો છે. કાચા રસ્તા પર લોકોની અવરજવર દરરોજ થતી હતી આ માર્ગનૂં ધોવાણ થતા લોકોમાં ચિંતા ફેલાઇ છે.**

-----------------------------------------------------------------------------------------